ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૬ ટકા

# શિયાળાની જામતી ઠંડીમાં હળદળિયું ઓન ડિમાન્ડ

## શહેરના સ્વાદરસિકો ફૂડ સીઝનને માણવા ખાણી-પીણી બજારમાં ઉમટી રહ્યાં છે : લીલી હળદર અને સરસવની ભાજીનું શાક મકાઈ-બાજરીના રોટલાં સાથે ખાવાનું પસંદ કરાય છે

ગાંધીનગર, તા. ૮

પાટનગરમાં શિયાળાની ઋતુ ધીમે ધીમે પગદંડો જમાવી રહી છે, આ એવી ઋતુ છે જેમાં વિવિધ પ્રકારના મસાલેદાર અને ચટાકેદાર ભોજનનો આસ્વાદ માણવાનું સૌ કોઈને ગમે છે જેના કારણે શિયાળાને 'ફૂડસીઝન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઠંડી મૌસમમાં ગાંધીનગરમાં પણ અત્યારે ખાણી-પીણીનુ બજાર તેજીમાં જોવા મળી રહ્યું છે અને દર વર્ષની જેમ શહેરની પ્રખ્યાત વાનગી ''હળદળિયુ'' અને ''સરસવનું શાક'' સાથે બાજરી-મકાઈના રોટલાં અત્યારે ઈન-ડિમાન્ડ જોવા મળી રહ્યાં છે.

હળદળિયું એટલે કે લીલી હળદળનું શાક જેને ચોખ્ખા ઘીમાં તપાવીને બનાવવામાં આવે છે જે શિયાળાની ગમે તેવી ઠંડી ઉડાડવામાં ઉપયોગી માનવામાં આવે છે. અત્યારે લીલી હળદળની સીઝન હોવાથી તાજી લીલી હળદર મળી રહે છે અને આ વાનગીમાં વિવિધ તેજાના મસાલાં સાથે કાજુ જેવા સુકા મેવાનો પણ ઉપયોગ કરવામાં આવે





છે. એજ રીતે સરસવની ભાજી પણ અત્યારે તાજી-લીલી મળી રહે છે. અઢળક હિન્દી ફિલ્મોનાં પંજાબી કિરદારો દ્વારા 'સરસો દા સાગ ઔર મક્કે દી રોટી'ના ડાયલોગ્સથી સુપ્રસિદ્ધ બનેલી સરસવની ભાજી પણ તેના 'ગરમ' ગુણને લીધે અત્યારે સ્વાદના શોખીનો દ્વારા પસંદ કરવામાં આવી રહી છે. હળદળિયાં સાથે મોટેભાગે બાજરીનો રોટલો અને માખણ જ્યારે સરસવના શાક સાથે મકાઈનો રોટલો અને છાશ લેવાનો આગ્રહ સ્વાદરસિકો રાખતાં હોય છે. ગાંધીનગરની ઘ-૫ ફુડકોર્ટથી માંડીને ન્યુ ગાંધીનગર વિસ્તારની પોશ રેસ્ટોરન્ટ સુધી અત્યારે હળદળિયું તેમજ સરસવનું શાક સાથે રોટલો ઈન-ડિમાન્ડ જોવા મળી રહ્યાં છે.

સામાન્યપણે જોઈએ તો ગાંધીનગરમાં ઘ-૫ ફુડકોર્ટ અથવા અન્ય ખાણીપીણીની લારીઓ અથવા નાની રેસ્ટોરન્ટ પર હળદળિયું ૪૦૦ ગ્રામ જેટલું પીરસાય છે જેનો એક પ્લેટનો ભાવ રૂ. ૧૫૦ થી રૂ. ૨૦૦ સુધીનો જોવા મળે છે જ્યારે પોશ રેસ્ટોરન્ટમાં તેની ૫૦૦ ગ્રામની પ્લેટ પીરસાય છે જે રૂ. ૩૦૦ થી શરૂ કરીને રૂ. ૪૦૦ સુધીના ભાવે હોય છે. સરસવનું શાક પણ રૂ. ૧૨૦થી લઈને રૂ. ૩૦૦ સુધીની રેન્જમાં જોવા મળે છે જ્યારે મકાઈ-બાજરીના રોટલાં રૂ. ૨૦ થી રૂ. ૪૦ સુધીમાં મળે છે. શહેરમાં હળદળિયાં પાર્ટીના આયોજનો પણ થતાં જોવા મળી રહ્યાં છે.

### ''હળદળિયું'' કોરોના સામે ઔષધ જેવું છે

''ગાંધીનગરની ખાસ વાનગી તરીકે જાણીતું બનેલું હળદળિયું એટલે કે લીલી હળદળના શાકની આમ તો દર વખતે શિયાળામાં માંગ હોય છે પરંતુ આ વખતે તે કોરોના મહામારીમાં પણ તે ફાયદાકારક હોવાથી તે વધુ ખવાઈ રહ્યું છે. હળદળનો ગુણ શરદી-ખાંસી સહિતની વાઈરલ અસરને નાબુદ કરનારો છે તેથી આ મહામારીમાં તે ઔષધનું કામ પણ કરી રહ્યું છે.

- ગજેન્દ્રસિંહ બારડ
રાજવી ફુડ કોર્નર, કુડાસણ

### હળદળિયું બનાવવામાં ચોખ્ખું ઘી વધુ વપરાય છે

લીલી હળદળ અને સરસવની ભાજી એ ગાંધીનગરમાં દર શિયાળામાં સ્વાદરસિકો માટે પ્રિય પસંદગી બની રહે છે. લીલી હળદરનું શાક બનાવવા માટે ચોખ્ખું ઘી મોટા પ્રમાણમાં વાપરવું પડે છે. વળી આ બંને શાક સાથે બાજરી-મકાઈના રોટલાં અને છાશ-માખણનું કોમ્બીનેશન, ગ્રાહકોને સૌથી વધુ પસંદ આવે છે.

- મનોજકુમાર
એ-વન ફુડ પોઈન્ટ, ઘ-૫ ફૂડકોર્ટ ચોપાટી



ઉવારસદ ગ્રામ પંચાયત ચૂંટણી ના ઉમેદવાર ચેતનભાઈ (અજિતભાઈ) વસંતભાઈ પટેલે તેમના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કોર્પોરેટર સોનાલીબેન ઉરેનકુમાર પટેલના હસ્તે કરાવ્યુ તે સમયે મોટી સંખ્યામાં ગ્રામજનો અને શુભેચ્છકો હાજર રહ્યાં હતાં અને પધારેલ સૌ વડીલો ગ્રામજનોએ ખુબજ મોટી બહુમતી થી જીતવાના આશીર્વાદ આપ્યા હતા.

# કડકડતી ઠંડીમાં થરથરતાં જરૂરિયાતમંદોને હૂંફ પુરી પાડવાનું સેવા કાર્ય

## શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટનું સંયુકત આયોજન : અગાઉ અત્યાર સુધીમાં ૧.૯૫ લાખ ગરમવસ્ત્રો ધાબળાનું વિતરણ કરાઈ ચુકયું છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં શિયાળાની ઋતુમાં ઠંડીનો મિજાજ કંઈક વધુ આક્રમક રહેતો હોય છે. અનેકવાર એવી પરિસ્થિતિ સર્જાય છે જેમાં સમગ્ર રાજયમાં પાટનગરનું તાપમાન સૌથી વધુ નીચું નોંધાતું હોય છે. આવી કડકડતી ઠંડીમાં શહેરમાં વિવિધ સ્થળે ઝુંપડપટ્ટીઓમાં કે ખુલ્લામાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોની સ્થિતિ કફોડી બની જતી હોય છે જેમને મદદરૂપ થઈને ગરમ ધાબળા તથા ગરમ અંગ ઢાંકણ પુરુ પાડી હુંફ આપવાનું સેવાકાર્ય ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિ વર્ષ કરવામાં આવે છે. આ વર્ષે પણ આ સદકાર્યમાં માનવતાનો સાદ ઝીલવા શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા શહેરના નગરજનોને જાહેર અપીલ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધીમાં અગાઉના વર્ષોમાં આ રીતે જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોને ૧.૯૫ લાખ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવી ચુકયું છે. આ ઉપરાંત ઉનાળાની બળબળતી ગરમીમાં ચરણસેવા અંતર્ગત ૨.૫૫ લાખ પગરખાનું વિતરણ પણ કરવામાં આવી ચુકયું છે જેની નોંધ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ દ્વારા લઈને રેકોર્ડ નોંધવામાં આવ્યો છે. આ વર્ષે ફરી એકવાર કડકડતી ઠંડીમાં થરથરતાં જરૂરિયાતમંદોને હૂંફ પુરી પાડવાના હેતુથી સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે જે અંતર્ગત શહેરીજનોને આર્થિક સહયોગ આપવા હાકલ કરવામાં આવી છે. દાતાઓએ તેમનો સહયોગ તા.૩૧મી ડિસેમ્બર પહેલા સંસ્થા દ્વારા નિયત સેવા સૈનિકો અને પ્રતિનિધિઓને પહોંચતા કરવા સંસ્થાએ જાહેર વિનંતી કરી છે.

# પતંજલી યોગ સમિતિ દ્વારા સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૮

પતંજલી યોગ સમિતી અને માનવ સેવા ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે વેસ્ટન એગ્રો સીડ્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે એન. પી. પટેલ ફાર્મ હાઉસમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત ત્રાટક, એડવાન્સ મેડીટેશન અને સુંદર વૈદિક હવન થી કરવામાં આવી. જેમાં સર્વે યોગી જનોને પરમ પૂજ્ય યોગાચાર્ય શ્રી કાનજીભાઈ બાવરીના અવર્ણનીય યોગ અનુભવનો અદભુત લાહવો મળ્યો હતો. ત્યારબાદ બાળકો, બહેનો અને ભાઈઓ માટે સુંદર રમત આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધજા દોડ, રામ રાવણ, સંગીત ખુરશી જેવી શારીરિક કસરત સાથે માનસિક આનંદ આપે તેવી રમતોમાં સૌ નાના-મોટા બાળક બનીને ઓતપ્રોત થઈ ગયા હતા. નાના બાળકોએ તો ફાર્મ હાઉસમાં આવેલા સ્વિમિંગ પુલનો પણ ખૂબ જ આનંદ માણ્યો હતો. ત્યારબાદ સામૂહિક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ જેમાં નાના



બાળકોએ પોતાની સુંદર કલાઓ રજૂ કરી હતી તેની સાથે સાથે યોગાર્થી ભાઈઓ તથા બહેનોએ યોગ પ્રત્યેનો તેમનો અવિસ્મરણીય અનુભવ રજૂ કર્યો હતો. બેઠક દરમિયાન મુખ્ય અતિથિ તરીકે એન. પી. પટેલ તેમજ જયંતીભાઈ વઘાસિયા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે પણ આ સુંદર કાર્યક્રમમાં તેઓના ઓર્ગેનિક ખેતી અંગેના વિશિષ્ટ જ્ઞાનની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતમાં સુંદર ગરબા યોગનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પતંજલિ યોગ સમિતિના ઉર્મિલાબેન ઝણકાટ, જૈમિનભાઈ વૈદ્ય, જે.બી મહેતા, પ્રકાશભાઈ વણજારા, આશિષભાઈ દેસાઈ, કવિતાબેન તથા હિતેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વે યોગી જનોને એન. પી. પટેલ તરફથી ઓર્ગેનિક આમળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# એસ.જી. અને એસ.વી. શાળામાં બોધવાર્તા અભિનય પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૮

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બોધવાર્તા અભિનય પ્રતિયોગિતા યોજાઈ હતી. જેમાં ધોરણ ૧ થી૪ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ ખબરપત્રી સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





દિગંત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રમજીવી પરિવાર શાકભાજી વાળા ઝૂંપડપટ્ટીના લોકોને ગરમ કપડાં આપવામાં આવ્યા હતા. અચાનક વરસાદ પડી જવાના કારણે આ લોકોના કપડા પણ ભીના થઈ ગયેલા અને ઠંડી પણ અચાનક વધી જવાથી ખુબ તકલીફમાં હતાં આવા સમયે દિગંત ચેરીટેબલ ટ્રસ્ટના ડિમ્પલબેન શાહ અને સભ્યોએ ભેગા થઈ તુરંત ગરમ કપડાં અને નાના બાળકોના નાસ્તામાં પેકેટ આ લોકોના વિસ્તારમાં જઈ આપ્યા હતાં.




ગાંધીનગરના સે-૧૫ ખાતે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંકુલ ખાતે નવા કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર દહેગામ બસ ઘ-૬ રીટર્ન બપોરે ૧૨.૩૦ વાગે પસાર થાય તેવી માંગ

ગાંધીનગરથી દહેગામ જતી બસ ઘ-૬ રીટર્ન ૧૨.૩૦ વાગે બપોરે પસાર થાય તેવી માંગ કરવામાં આવી છે. ઘ-૬ ખાતે અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં ચિલોડા તથા દહેગામ તાલુકાના વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસ કરવા એસ.ટી. બસમાં મુસાફરી કરી અપડાઉન કરે છે. આ વિદ્યાર્થીઓને ઘ-૬ થી ચ-૬ પગપાળા બસ માટે ચાલીને જવું પડી રહ્યું છે. વાલીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા આ બાબતે રજૂઆત કરી માંગ કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓ માટે ઘ-૬ થી બપોરે ૧૨.૩૦ વાગ્યાની બસ પસાર થાય. જેથી વિદ્યાર્થીઓને સુવિધાનો લાભ મળી શકે તેવું ચિલોડા ગ્રામ પંચાયત સરપંચ વી.ડી. પટેલે જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી




અનિરૂદ્ધભાઈ જી. બ્રહ્મભટ્ટ
મો. ૯૯૨૪૬ ૬૫૨૯૦



પ્રણવરાજસિંહ પી. ઝાલા
મો. ૯૭૧૪૪ ૭૮૮૮૭




સર્યુબેન ભગદિવ ભટ્ટ



પ્રકાશ કે પટેલ



જૈનિલ સુનિલકુમાર શ્રીમાળી
મો. ૯૪૦૯૨ ૯૫૨૯૫



દિવ્ય દર્શનકુમાર જાની
મો. ૯૯૦૪૮ ૫૪૩૦૮



સ્મિત સંજીવકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાઘેલા નેનીબા તખુજી**, ઉ.વ. ૯૫, લેકાવાડા
- **સ્વ. પટેલ જયંતિભાઈ નારણભાઈ**, ઉ.વ. ૫૮, લીંબોદરા, માણસા
- **સ્વ. રાણા ખુશીબેન રાજેન્દ્રકુમાર**, ઉ.વ. ૧૧, સેકટર-૨૫
- **સ્વ. વાઘેલા ચંદુભાઈ લક્ષ્મણભાઈ**, ઉ.વ. ૪૮, સેકટર-૩
- **સ્વ. ભરવાડ રાજુભાઈ ગગાભાઈ**, ઉ.વ. ૪, સે-૪, છાપરાં
- **સ્વ. શાહ સુરેખાબેન ભોગીલાલ**, ઉ.વ. ૬૪, કોબા
- **સ્વ. પંડયા ચંદ્રકાન્તાબેન મનહરલાલ**, ઉ.વ. ૮૪, સેકટર-૨
- **સ્વ. માવાણી રંજનબેન જસવંતરાય**, ઉ.વ. ૭૪, સેકટર-૩
- **સ્વ. બારૈયા લક્ષ્મીબેન પ્રતાપજી**, ઉ.વ. ૮૯, નાના ચિલોડા

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પંચોલી કનૈયાલાલ રતિલાલ**, ઉ.વ. ૯૭, સરગાસણ
- **સ્વ. પરમાર કાંતિલાલ શંકરલાલ**, ઉ.વ. ૬૮, સેકટર-૪

# દેશભરમાંથી ૧૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્લોગર્સે સાયન્સ સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોધોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી તેના નવીન ખ્યાલો અને રજૂઆતો સાથે રાજય અને દેશભરમાં બહોળા પ્રમાણમાં વિજ્ઞાનના શિક્ષણ અને પ્રચાર-પ્રસારના અસરકારક માધ્યમ તરીકે ઊભરી આવી છે. સાયન્સ સિટીએ દરેક વયના મુલાકાતીઓ માટેના જાણીતા વિજ્ઞાન પ્રવાસન સ્થળ તરીકેની ઓળખ સ્થાપિત કરી છે. ભારતભરમાંથી ૧૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્લોગર્સ અને પ્રભાવકારો એ તા.૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દ્વારા સાયન્સ સીટીના વિવિધ આકર્ષણો અને સગવડો વિષે નોંધનીય બ્લોગ ગુજરાત સાયન્સ સિટી માટે ઉપયોગી સાબિત થઈ રહેશે. સાયન્સ સિટી દ્વારા તેઓને એકવેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી, નેચરપાર્ક તથા અન્ય આકર્ષણોની માર્ગદર્શક સાથેની ટુર આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બ્લોગ ડિજિટલ પ્રચાર માટેનું ખાસ સોશિયલ મીડિયા માધ્યમ છે. બ્લોગરની ભૂમિકા લોકોને ઉપયોગી મહત્વની માહિતી વિનામુલ્યે અને તેઓ સમજી શકે તેવી સરળ ભાષામાં પૂરી પાડવાનો છે. આ કાર્યક્રમ વિવિધ આકર્ષણોના પ્રસાર હેતુસર ખૂબ ઉપયોગી સાબિત થયો હતો.

